
## ચાલો મનાવીએ, પરાક્રમી જવાનોને
## ૨૧ તોપોની સલામીનું પર્વ

# યુદ્ધ '૭૧



૧૯૭૫માં બનેલી 'આક્રમણ' ફિલ્મનું કિશારકુમારના કંઠે ગવાયેલું અવિસ્મરણીય ગીત છે: 'દેખો વીર જવાનો અપને ખૂન પે યે ઈલજામ ન આયે, માં ના કહે કે મેરે બેટે વખ્ત પડા તો કામ ન આયે.'

૧૯૭૧માં ભારતીય જવાનોને વતનપરસ્તીની અને ફરજપરસ્તીની આવી રીતે યાદ અપાવવાની જરૂર ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે રણહાક પડી કે તરત બહાદુરોએ શત્રુનાશ માટે બાંયો ચડાવી અને ૧૩મા દિવસે આક્રમણખોરોને પરાસ્ત કરી શરણગતિનો પત્ર લખી આપવા મજબૂર કરી છે.

વિજયદિનની ૫૦ મી જયંતિએ આજે તે રાષ્ટ્રપૂતોનું પાવન સ્મરણ કરીએ. યુદ્ધમાં જેઓ જખમી થયા, જીવ પડીકે બાંધી જેઓ લડ્યા અને જેમણે ભારતમાતાની સુરક્ષાના કાજે જાન ખોયા એ જવાનો ૨૧ તોપોની સલામીના હક્કદાર છે. આજથી શરૂ થતી રોજેરોજના અહેવાલોની શ્રેણીની PDF આપ દરેક વ્યક્તિ પોતાના ૨૧ સ્નેહી-મિત્રો-સગાંને મોકલો, જેથી વધુમાં વધુ લોકો રાષ્ટ્રપૂતોના પરાક્રમો અંગે વાકેફ બને. નક્કી માનો કે ૨૧ PDF મોકલવાનું આપનું કાર્ય એ શૌર્યવાન જવાનોને પ્રતીકાત્મક રીતે અપાયેલી ૨૧ તોપોની સલામી બની રહેશે કે જેમાંના ઘણા ખરા આજે હયાત નથી.





# તારીખ ડિસેમ્બર ૧૫, ૧૯૭૧: આ તારીખે ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?

ભારત પ્રત્યે કાળોતરા સર્પ જેવું ઝેર ધરાવતા અમેરિકી પ્રમુખ રિચાર્ડ નિક્સનનું મગજ જ્વાળામુખીની માફક ફાટ ફાટ થઇ રહ્યું હતું, કારણ કે તેમના બગલબચ્ચા પાકિસ્તાનનો કારમો પરાજય હવે નિશ્ચિત જણાતો હતો. પાકિસ્તાનનું ખંડન રોકવા માટેના આખરી મરણિયા પ્રયાસ તરીકે પ્રશાંત મહાસાગરમાં તહેનાત એવા સાતમા કાફલાને તેમણે મલક્કાના સાંકડા અખાત દ્વારા બંગાળના ઉપસાગર તરફ રવાના કર્યો. ઇરાદો બળપ્રદર્શન દ્વારા ભારત પર દબાણ લાવવાનો હતો. અંગ્રેજીમાં જેને crooked કહેવાય એ જાતના વ્યક્તિત્વવાળા રિચાર્ડ નિક્સનને એ પગલું સાહજિક જણાતું હતું, જ્યારે બીજી તરફ સાતમા કાફલાના ઘણાખરા કપ્તાનોને તેમજ નાવિકોને આશરે 30,00,000 નિર્દોષ બંગાળી સ્ત્રી-પુરુષોને તેમજ બાળકોને જંગાલિયતભરી રીતે રહેંસી નાખનાર સરમુખત્યાર યાહ્યા ખાનની કુમકે જવાનું લગીરે પસંદ ન હતું. આમ છતાં તેઓ મજબૂર હતા. અમેરિકાના પ્રમુખ તે દેશના સુપ્રિમ કમાન્ડર લેખાય, એટલે તેમના હુકમનું પાલન કરવું રહ્યું.

## ૭ મો કાફલો: વાજતે ગાજતે આગમન: લીલા તોરણે વિદાય




ડિસેમ્બર ૧૩, ૧૯૭૧ ના રોજ જંગી કાફલો પ્રશાંત મહાસાગર છોડીને બંગાળના ઉપસાગરમાં પ્રવેશવા મલક્કાના અખાતમાં દાખલ થયો અને ત્યાંથી બંગાળના ઉપસાગરમાં પ્રવેશ્યો. નૌકાકાફલો ખરેખર જંગી હતો. અણુસંચાલિત ગંજાવર વિમાનવાહક જહાજ *Enterprise* તેનું flagship / ધ્વજજહાજ હતું, જેના તૂતક પર બધું મળીને 90 ફાઇટર-બોમ્બર્સ હતાં. બીજું વિમાનવાહક જહાજ *Tripoli* નામનું હતું. વધુમાં Gearing વર્ગની destroyers અને ત્રણ મિસાઇલ destroyers હતી. બાંગલાદેશના કિનારે ચડી આવી શકે એવાં સેંકડો શસ્ત્રધારી સૈનિકો Marines વડે ભરચક બે ઉભયજીવી / Amphibious જહાજો તેમજ 1 Nuclear Attack સબમરિન હતી. (જુઓ નકશો.) નિક્સનને કે તેમના સલાહકાર હેન્રી કિસિન્જરને ખબર હોય કે કેમ તે કોણ જાણે, પરંતુ રશિયાના સર્વોચ્ચ નૌકાસેનાપતિ ઍડમિરલ ગોર્શકોવની સબમરિનો અમેરિકાના સાતમા કાફલાનો સતત પીછો કરી રહી હતી. ઇન્દિરા ગાંધીએ પોતાની કુશાગ્રબુદ્ધિ વાપરીને તે માટેનું

પૂર્વાયોજન કરી રાખ્યું હતું.

સોવિયેત રશિયાના તત્કાલીન નેતા લિયોનિદ બ્રેઝનેવ સાથે મુલાકાત દરમ્યાન તેમણે Indo-Soviet Friendship Treaty પર દ્વિપક્ષી હસ્તાક્ષરો કરાવાનું બહુ જ કુનેહપૂર્વકનું પગલું ભર્યું હતું. રશિયાને પાકિસ્તાન સામે સખત વાંધો હતો, કેમ કે પશ્ચિમ પાકિસ્તાન ખાતેના અમેરિકી ઍરબેઝ પરથી રવાના થતાં U-2 જેવાં જાસૂસી વિમાનો રશિયાના માથે ઊડીને તે સામ્યવાદી દેશની લશ્કરી હિલચાલ વિશે તેમજ વાયરલેસ વાર્તાલાપ વિશે સંપૂર્ણ જાણકારી મેળવી લેતાં હતાં. ઉપરાંત રશિયાને ભારતમાં અમેરિકાનો પગદંડો જમાવવા દેવો ન હતો. રશિયાની અણુસંચાલિત સબમરિનો સાગરપેટાળ નીચે રહીને સાતમા કાફલાની પાછળને પાછળ આવતી રહી અને છેવટે બંગાળના ઉપસાગરમાં પહોંચી. વિમાનવાહક જહાજ *Enterprise* નો કાફલો જેવો બંગાળના ઉપસાગરમાં પ્રવેશ્યો અને બાંગલાદેશના દક્ષિણી કાંઠા નજીક પહોંચ્યો કે તરત એ સબમરિનો જળસપાટી પર તરી નીકળી અને સાતમા કાફલાનો ખેલ ક્ષણવારમાં બગાડી નાખ્યો. પ્રમુખ નિક્સનને એ રીતે સોવિયેત રશિયાએ જોરદાર તમાચો લગાવી દીધો.



*ઇન્દિરા ગાંધીએ અને સોવિયેત નેતા લિયોનિદ બ્રેઝનેવે જે મૈત્રીકરાર કર્યા તે મુજબ રશિયા પર આક્રમણ થાય તો ભારતે પોતાના પર અને ભારત પર આક્રમણ થાય તો રશિયાએ પોતાના પર આક્રમણ થયાનું સમજવાનું હતું.*

■

ભારતનાં ચાર MiG-21 સુપરસોનિક વિમાનોએ કુલ 128 રોકેટો જેના પર ફટકાર્યા તે ઢાકાનું Government House તો પડી ન ભાગ્યું, પણ કેટલાંક વર્ષ અગાઉ ૧૯૬૫માં ભારત-પાક યુદ્ધમાં પોતાની કાબિલે તારીફ શૂરવીરતા દાખવ્યા બદલ હિલાલ-એ-જુર્રતનો શાનદાર લશ્કરી ખિતાબ પામેલા જનરલ નિયાઝીની હિંમત ચકનાચૂર બની. વર્ષો પછી સેવાનિવૃત્ત કર્નલ સલિક નામના આર્મી ઑફિસર એ વખતે નિયાઝીની નિકટ હતા. આ ફૌજી અફસરે તેના પુસ્તકમાં નોંધ્યું તેમ નિયાઝીની આંખોમાંથી આંસુ દડી રહ્યાં હતાં. સલિકે તેમને હાથરૂમાલ આપી ને કહ્યું: 'હેન્કી ઈસ્તેમાલ કીજીએ.' (Hanky એટલે Handkerchief.) નિયાઝી આંસુ લૂંછીને થોડા સ્વસ્થ થયા અને બોલ્યા: 'ગર્વનરસાહબ, આપ ઠીક હૈ?'

*પ્રમુખ નિક્સનમાં શેખચલ્લી અને શકુનિ બેયની જિનેટિક બ્લૂપ્રિન્ટનો સમન્વય થયો હતો.*



'જનરલ નિયાઝીસાહબ, આપ લડને કા શૌખ ફરમાતે હૈ, તો આપ લડેં. મૈં તો સિવિલિયન હું ઔર યે મેરે બસ કા નહીં.'

ધ્રૂજતા હાથે ગર્વનર મલિકે ટેબલનું ડ્રોઅર ખોલ્યું, કોરો કાગળ કાઢ્યો અને તેના પર જનરલ યાહ્યા ખાનને સંબોધતો રાજીનામાનો પત્ર લખ્યો. લખીને જનરલ નિયાઝી તરફ ફેંક્યો અને જણાવી દીધું કે તેઓ Government House છોડીને પોતાનાં કુટુંબીજનો સાથે Intercontinental Hotel Dacca જવા નીકળી રહ્યા હતા. આ હોટલને United Nations ના ઉપક્રમે Neutral Zone જાહેર કરવામાં આવેલી, માટે ત્યાં આશ્રય લેતી વ્યક્તિ માટે UNO નું સુરક્ષાકવચ હતું. અબ્દુલ મોતાલેબ મલિક ત્યાર બાદ નમાજ પઢીને તેમના ADC (Aide de Camp) તેમજ પરિવારજનો સાથે હોટલ તરફ જવા હંકાર્યા. ગર્વનરના ત્યાગપત્ર સાથે પૂર્વ પાકિસ્તાનમાં ઈસ્લામાબાદના હાઇ-કમાન્ડનું અસ્તિત્વ મટી જવા પામ્યું.

■

ભારતે તો યુદ્ધ જારી રાખ્યું. આ તરફ જનરલ નિયાઝીએ Government House છોડ્યું અને પોતાનું લશ્કરી હેડ્ક્વાટર્સ ઢાકા યુનિવર્સિટીમાં સ્થાપ્યું. સ્થાનબદલો થયાના સમાચાર મુક્તિવાહિનીએ ભારતીય વાયુસેનાને પહોંચાડ્યા, એટલે સુપરસોનિક 28 squadron નાં MiG-21 વિમાનોએ તે નવા હેડ્ક્વાટર્સને સપાટામાં લીધું. ડિસેમ્બર ૧૫મીના દિવસે જ વાયુસેનાએ હુમલાનાં બે મિશનો યોજ્યાં અને કુલ 256 સેલ્ફ-પ્રોપેલ્ડ રોકેટો ઢાકા યુનિવર્સિટીના મકાનને ફટકારી ભારે નુકસાન પહોંચાડ્યું. પાકિસ્તાનના બે ટુકડા


પ્રગટ થઇ ગયું છે....
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
■ નગેન્દ્ર વિજય
કુલ ૨૩ પ્રકરણોની સળંગ યુદ્ધકથા •
સંખ્યાબંધ ચિત્રો, નકશા તથા આકૃતિઓ •
શસ્ત્રોની આશ્ચર્યજનક માહિતી •
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
ફક્ત ૧૪ દિવસમાં
પાકિસ્તાનના જેણે
બે ટુકડા કરી નાખ્યા એ
૧૯૭૧ના ભારત-પાક યુદ્ધની સત્યકથાનું
નગેન્દ્ર વિજયની કલમે લખાયેલું
બેસ્ટ-સેલર પુસ્તક...
₹ 350/-
(પોસ્ટેજ ચાર્જ અલગ)
આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઇન ખરીદો.

થવાનો તે આરંભ હતો.

પાકિસ્તાનની સ્થિતિ હવે 'મા, મને કોઢીમાંથી બહાર કાઢ!' જેવી હતી. માત્ર યુદ્ધવિરામ પૂર્વ પાકિસ્તાનમાં એટલે કે બાંગલાદેશમાં રહેલા તેના લાખેક જેટલા જુલમખોર અને જલ્લાદ સૈનિકોને બચાવી શકે તેમ હતો. બાકી તો મુક્તિવાહિનીના બંગાળી મુસ્લિમો તેમને ક્રૂર રીતે મારી નાખવાના હતા. આપણા ભૂમિદળના સેનાપતિ જનરલ સામ માણેકશાએ પાક મેજર-જનરલ ફરમાન અલીને શરણાગતિ સ્વીકારી લેવા માટે સંદેશો પાઠવ્યો. ફરમાન અલી ગર્વનરના લશ્કરી સલાહકાર હતા અને ગર્વનર પૂર્વ પાકિસ્તાનમાં ઈસ્લામાબાદના બંધારણીય વડા હતા, એટલે માણેકશાનું કહેણ ગર્વનર સુધી પહોંચે એ રાજદ્વારી દૃષ્ટિએ સર્વથા યોગ્ય તેમજ આવશ્યક હતું. આગલે દિવસે એટલે કે ડિસેમ્બર ૧૪ના રોજ ગર્વનર મલિક ફરી વખત યુદ્ધવિરામની ભલામણ કરતો પત્ર જનરલ યાહ્યા ખાનને મોકલી ચૂક્યા હતા, પણ વળતો જવાબ આવ્યો ન હતો. નવાઈ એ છે કે પૂર્વ પાકિસ્તાનમાં ઈસ્લામાબાદની લડાયક શક્તિ સદંતર માટીભેગી થયા છતાં અમેરિકાના તૂંડમિજાજી અને ભારત પ્રત્યેના તેજોદ્વેષી અમેરિકી પ્રમુખ નિક્સને ઈસ્લામાબાદને શસ્ત્રો મોકલવાનો બંદોબસ્ત ગોઠવ્યો. સંસદીય પ્રતિબંધને લીધે તેઓ અમેરિકી શસ્ત્રો પાઠવી શકે તેમ ન હતા, માટે ઈસ્લામી દેશો જોર્ડનનાં અને તુર્કીનાં શસ્ત્રો રવાના ક્યાં. અમેરિકાના પાલતુ ગલુંડિયા જોર્ડને F-104 Starfighters પ્રકારનાં 17 સુપરસોનિક પ્લેન અને તુર્કીએ જ પ્રકારનાં 22 પ્લેન ઈસ્લામાબાદ મોકલ્યાં, જે પગલું આગમાં ભરખાયેલું મકાન બળીને સાવ ખાખ થયા પછી બંબાવાળાઓનો કાફલો રવાના ક્યાં જેવું હતું. નિક્સને બીજો દાવ સંયુક્ત રાષ્ટ્ર સંસ્થામાં યુદ્ધવિરામનો ઠરાવ પસાર કરાવવાનું ભર્યું અને UNO ની જનરલ એસેમ્લીએ તે 104 વિરૂદ્ધ 1 મતે પસાર ક્ર્યો, પરંતુ સોવિયેત રશિયાએ ભારતની તરફેણમાં વિટો પાવર વાપરી તેને ફોક ઠરાવી દીધો. નિક્સનના નાક વાટે અને કાન વાટે ગુસ્સાના કેવા ગરમ ધુમાડા નીકળ્યા હોય તે સહેજે કલ્પી શકીએ.

■

*અણુશક્તિ વડે હંકારતું અમેરિકાનું વિમાનવાહક જહાજ તરતા ઍરબેઝ ઉપરાંત તરતું નગર હતું.*




યુદ્ધવિરામના મુદ્દા પર સંયુક્ત રાષ્ટ્ર સંસ્થામાં અગાઉ દિવસો સુધી જે દલીલબાજી ચાલી એ દરમ્યાન જનરલ સામ માણેકશા ફિકરમાં હતા. યુદ્ધવિરામ જો લાગુ પડી જાય તો બાંગલાદેશને સ્વતંત્ર રાષ્ટ્ર બનાવવાનું મિશન અધુરું રહી જાય તેમ હતું. બાંગલાદેશનો ઘણો વિસ્તાર ભારતના કબજા હેઠળ આવી ગયો હોવા છતાં ઢાકા હજી અણનમ હતું. બીજાં કેટલાંક શહેરો જીતવાનાં બાકી હતાં અને ત્યાં પાક સૈનિકોની જમાવટ યથાવત્ હતી. આ વાસ્તવિકતા 4 Corps / ચોથી કોરના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહના ધ્યાન બહાર ન હતી. આથી તેમણે પોતાના સૈનિકોને ઢાકા તરફની કૂચ ઝડપી બનાવવાનું જણાવ્યું. ચોખવટ કરી કે ખેલ હવે ખરાખરીનો હતો અને સમય જોડે સ્પર્ધા કરવામાં દિવસ કે રાત સામે જોવાનું ન હતું. સાગતસિંહના 2 PARA ના એટલે કે છત્રીસૈનિકોની નંબર 2 ટુકડીના જવાનો પોતાના કમાન્ડિંગ ઑફિસરના હુકમને શિરે ચડાવી ઢાકા તરફ શક્ય એટલી ઝડપે ધસ્યા. ડિસેમ્બર ૧૬ ની સવાર પડી ત્યારે ઢાકા અને તેમના વચ્ચે ફક્ત 3.25 કિલોમીટરનું અંતર બાકી રહ્યું હતું. આ છત્રીસૈનિકોનું નેતૃત્વ મેજર-જનરલ નાગરાએ લીધું હતું, જેઓ અગાઉ કરાંચીના ભારતીય દૂતાવાસમાં આપણા હાઈ-કમિશ્નરના લશ્કરી સલાહકાર રહી ચૂક્યા હતા.

મેજર-જનરલ નાગરાએ સમયનો તકાદો પામીને તેમના ADC કેપ્ટન હિતેષ મહેતાને તેમજ અંગત મદદનીશ કેપ્ટન નિર્ભય શર્માને જીપગાડી દ્વારા જનરલ નિયાઝીનો રૂબરૂ ભેટો કરવા મોકલ્યા. જીપગાડી પર યુદ્ધવિરામનો સૂચક સફેદ ધ્વજ લહેરાતો હતો. જનરલ નિયાઝીને સંબોધતો પત્ર તેમણે હિતેષને આપ્યો હતો, જેમાં લખ્યું હતુંઃ 'My dear Abdulla. I am here. The game is up. I suggest you give yourself up to me and I'll look after you.'

આ લેખિત સંદેશાએ જનરલ નિયાઝીને નરમઘેંશ કરી મૂક્યા. મેજર-જનરલ નાગરાને સત્કારવા માટે પોતાના સિનિયર અફસરને મોકલ્યો. બપોરે 3:00 વાગ્યો નાગરા જનરલ નિયાઝીના હેડ્ક્વાર્ટર્સમાં પ્રવેશ્યા અને કમ સે કમ મૌખિક રીતે જનરલ નિયાઝીએ પરાજય સ્વીકારી લીધો.●